ગાંધીનગર સમાચાર

વન વિભાગની ૧૭ પૈકી માંડ છ જ નર્સરી બચી

# શહેરમાં મોસમની સૌથી વધુ ઠંડી

## પારો ૯.૦ ડિ.સે. સુધી ગગડયો : એક જ દિવસમાં ત્રણ ડિગ્રીનો ઘટાડો થતા શહેરીજનો ઠંડીમાં ઠુઠવાયા

ગાંધીનગર, તા.૨૬

આગાહી મુજબ જ શહેરમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં ત્રણ ડિગ્રી જેટલું ઘટતા મૌસમની સૌથી વધુ ઠંડી ૯.૦ ડિ.સે. તાપમાન સાથે નોંધાઈ છે. વર્ષના અંતિમ દિવસોમાં હજુ તાપમાનનો પારો ગગડે તેવી પુરેપુરી સંભાવના છે.

ગાંધીનગરના શહેરીજનો આકરી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં તીવ્ર ઠંડી પડતા અને હિમ વર્ષા થતાં તેની અસર તળે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આકરી ઠંડી પડી રહી છે. ઘણા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૯.૦ ડિગ્રીની આસપાસ રહ્યું છે. ગાંધીનગરમાં ગઈ કાલે અને આજે આખો દિવસ ઠંડા પવનો ફુંકાયા હતા. ઠંડા પવનની ગતિ વધતા મહત્તમ તાપમાન પણ ગગડયું હતું. સરેરાશ તાપમાનમાં બે ડિગ્રી જેટલો ઘટાડો થતાં વસાહતીઓને દિવસ દરમિયાન પણ ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી હતી. વહેલી સવારે શાળાએ જતાં વિદ્યાર્થીઓ ગરમવસ્ત્રોમાં લપેટાયેલા નજરે પડતા હતા. આખો દિવસ ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવો ઠંડો પવન ફુંકાયો હતો. ઠંડીથી બચવા ઘણાં વસાહતીઓએ તડકાની મોજ માણી હતી. યુવક યુવતિઓ નીતનવા ફેશનેબલ ગરમ વસ્ત્રોમાં જોવા મળ્યા હતા. ઠંડા પવનની ગતિ વધતા વસાહતીઓએ આખો દિવસ ઘરના બારી બારણાં બંધ રાખ્યા હતા. સાંજ પડતાં જ ઠંડીનું આક્રમણ વધ્યું હતું. શહેરીજનો ઘરમાં જ પુરાયેલા રહ્યા હતા. શોપીંગ સેન્ટરો અને બજારોમાં અવરજવર ઓછી થઈ જતાં વેપારીઓ પણ વહેલા ઘરભેગા થઈ ગયા હતા. ખાણીપીણીનું બજાર પણ વહેલુ આટોપાઈ ગયું હતું. આગામી અઠવાડિયામાં હજુ વધુ ઠંડી પડશે તેવી આગાહી વ્યકત કરવામાં આવી છે. આજે મહત્તમ તાપમાન ૨૮.૦ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૯.૦ ડિ.સે. નોંધાયું હતું.

# છેલ્લી ઘડીએ રિઝર્વ કર્મચારીઓને ચૂંટણીની ફરજ પર તૈનાત કરાયા



ગાંધીનગર, તા.૨૬

સોમવારે ચૂંટણી માટે કર્મચારીઓને પોલીંગ પાર્ટીમાં છેલ્લી ઘડીએ ૩૦ જેટલા કર્મચારીઓ ફરજ પર હાજર ન થતાં તેમના સ્થાને રિઝર્વમાં રખાયેલ કર્મચારીને ફરજ સોંપવામાં આવી હતી.

**● કર્મચારીઓને ફરજ પર મુકતાં પહેલાં કોમ્પ્યુટર રેન્ડમાઈઝેશન કરાયું**

મતદાન મથકોની ફાળવણી માટે કર્મચારીઓનું રેન્ડમાઈઝેશન કરી અને ફરજનું સ્થળ નિયત કરવામાં આવ્યું હતું. આ રેન્ડમાઈઝેશન વખતે પ્રાંત અધિકારી, મામલતદાર સહિતના અધિકારીઓ હાજર હતા.

**● પંચાયતની ચૂંટણીમાં કયા તાલુકામાં કેટલા મતદારો**

| | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ગાંધીનગર | ૧,૧૮,૯૫૧ | ૧,૧૧,૯૧૪ | ૨,૩૦,૮૬૫ |
| દહેગામ | ૭૧,૧૦૧ | ૬૫,૮૮૦ | ૧,૩૬,૯૮૧ |
| કલોલ | ૧૫,૮૮૫ | ૧૪,૪૯૩ | ૩૦,૩૭૮ |
| માણસા | ૧૫,૫૬૩ | ૧૭,૨૪૦ | ૩૫,૮૦૩ |

**● કોબા પંચાયતનું સૌથી મોટું મતપત્ર**

જિલ્લામાં કોબા ગ્રામ પંચાયતમાં સરપંચ પદ માટે ૧૦ ઉમેદવારો મેદાનમાં હોવાથી કોબા પંચાયતમાં સરપંચપદ માટેનું મતપત્ર સૌથી મોટું છે.

**● ૪૮ રૂટો પર ગૃપ પેટ્રોલીંગ**

જિલ્લા કલેકટર સતીષ પટેલે જણાવ્યું હતું કે ૪૮ રૂટો પર ગૃપ પેટ્રોલીંગ પોલીસ દ્વારા કરવામાં આવશે. આ ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થા પર નજર રાખવા માટે એસ.પી. ઉપરાંત ૩ ડીવાયએસપી, ૧૩ પો.ઈન્સ્પે., ૬૦ પો.સ.ઈ., ૮૫૩ પોલીસ કર્મચારીઓ, ૬૫૬ હોમગાર્ડઝ અને બે એસઆરપી કંપનીના જવાનો તૈનાત કરાશે.

**● ૬૧૦ બોટલ અવિલોપ્ય શાહી વપરાશે**

આ ચૂંટણીમાં ૬૧૦ બોટલ અવિલોપ્યશાહી વાપરવામાં આવનાર છે. ૧૦ એમ.એલ.ની એક બોટલ આ માટે આજે ચૂંટણીની પોલિંગ પાર્ટીઓને આપવામાં આવી છે.

# આજે જિલ્લામાં ૧૭૬ પંચાયતોનું મતદાન

## સરપંચ પદ માટે ૫૯૭ અને વોર્ડના સભ્ય પદ માટે ૧૭૧૫ ઉમેદવારો મેદાનમાં છે : ૫૪૩ મતદાન મથકો પર મતદાન





ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં ૧૭૬ ગ્રામ પંચાયતોની આજે યોજાનારી ચૂંટણી માટે સંપૂર્ણ તૈયારીઓ થઈ ગઈ છે. આ માટેની પોલિંગ પાર્ટી અને પોલીસ બંદોબસ્ત પણ જે તે મતદાન મથક પર લાગી ગયો છે.

સોમવારે બપોરે ગાંધીનગર, કલોલ, દહેગામ અને માણસા ખાતેથી પોલીંગ પાર્ટીઓ રવાના કરવામાં આવી હતી અને સાંજે પાંચ વાગ્યા સુધીમાં તમામ મથકો પર પોલિંગ પાર્ટી પહોંચી ગઈ હોવાનું જિલ્લા ચૂંટણી અધિકારી વ જિલ્લા કલેકટર શ્રી સતીષ પટેલે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે આજે યોજાનાર ચૂંટણીમાં કુલ ૨૩૧૨ ઉમેદવારો જંગ લડી રહ્યા છે. જેમાં ૫૯૭ ઉમેદવારો સરપંચપદ માટે અને ૧૧૫ ઉમેદવારો વોર્ડના સભ્યપદ માટે જંગમાં છે.

આ ચૂંટણીમાં નોટાનો પણ ઉપયોગ મતદાર કરી શકશે. મતપત્રમાં આ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. ૫૦ ટકા મહિલાઓ માટે અનામતનો પણ અમલ થઈ રહ્યો છે.

આ ચૂંટણીની કામગીરી માટે ૨૭૦૦થી પણ વધુ કર્મચારીઓને ચૂંટણી વિષયક કામગીરી સોંપવામાં આવેલ છે.

જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં ૧૯૪ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું. આ પૈકી ૧૮ ગ્રામ પંચાયતો સંપૂર્ણ સમરસ થતાં હવે ૧૭૬ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે. આ પૈકી છ ગ્રામ પંચાયતો અંશતઃ સમરસ થયેલી છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજપુત સમાજ ૨૧ હજાર ચો.મી. જગ્યામાં નવુ શૈક્ષણિક સંકુલ બનાવશે

## સે-૩૦ થી ચિલોડા તરફ જવાના માર્ગ પર વિશાળ જગ્યામાં સંકુલ બનાવાશે : સમાજના વિદ્યાર્થીઓને અફસર બનવા માટેની તાલીમ અપાશે : ઘુંઘટ અને દહેજ પ્રથા સહીત સમાજના કુરિવાજો અને દુષણોને ડામવા માટે રાજપુત સમાજ જનજાગૃતિ અભિયાન હાથ ધરશે : આગામી તા ૧ જાન્યુઆરીના રોજ સમાજ દ્વારા સ્ત્રીસશક્તિકરણ અને સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર તા ૨૬

રાજપુત સમાજ દ્વારા સમાજના કુરિવાજો તેમજ દુષણોને ડામવા માટે વિશેષ જન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે. સમાજમાંથી ઘુંઘટ પ્રથા,દહેજનુ દુષણ અને લગ્ન નિમિત્તે થતા બિનજરૂરી ખર્ચને નિવારવા માટે પણ સમાજને જાગૃત કરવામાં આવશે. કન્યા શિક્ષણ પ્રત્યે વિશેષ ધ્યાન આપી દહેજ પ્રથા દુર કરી કંકુ કન્યાનો અભિગમ અપનાવવા માટે પણ સમાજને નવી દિશા ચિંધવા પ્રયાસો હાથ ધરાશે તેમ આજે સમાજના પ્રમુખ શંકરસિંહ રાણાએ જણાવ્યુ હતુ.

ગાંધીનગર રાજપુત સમાજ દ્વારા આગામી તા ૧ જાન્યુઆરીના રોજ નવા વર્ષને અનુલક્ષી સ્નેહ મિલન સમારોહનો કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ અંગે સમાજના પ્રમુખ શંકરસિંહ રાણા ,પ્રદિપસિંહ વાઘેલા તેમજ વિનોદસિંહ રાઠોડે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે સમાજનુ સંગઠન મજબુત બને અને સમાજના કુરિવાજો અને દુષણો દુર થાય તે માટે જનજાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. નવા વર્ષ નિમિત્તે આગામી તા ૧ જાન્યુઆરીના રોજ સે-૧૨ સ્થિત હંસાબા ચંદનસિંહ રાજપુત ભવન ખાતે સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાશે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે સમાજ દ્વારા સે-૩૦ થી ચાર કી મી દુર ૨૧ હજાર ચો મી વિસ્તારની વિશાળ જગ્યામાં અંદાજિત રૂ ૧૦ કરોડના ખર્ચે નવ શૈક્ષણિક સંકુલ પણ બનાવાશે. જેમાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ આપવામાં આવશે. જયારે સે-૧૨ નુ રાજપુત ભવન સમાજની મહીલાઓના વિકાસ માટે સુપ્રત કરાશે.

સમાજમાંથી દહેજ પ્રથા, લગ્નના બિનજરૂરી ખર્ચ, ઘુંઘટ પ્રથા દુર કરી કન્યાને શિક્ષણ આપવાની દિશામાં પણ જરૂરી પ્રયાસો હાથ ધરાશે. જયારે મરણોત્તર વિધિમાં રોકકળ બંધ થાય અને વિઘવા વિવાહ અને પુન : વિવાહના મામલે તકલીફો દુર થાય તેવા પ્રયાસ પણ કરવામાં આવશે. આ માટે સમાજમાં જનજાગૃતિ આવે તે દિશામાં યોગ્ય પગલા લેવાશે. સ્નેહમિલન સમારોહ અને સ્ત્રીસશક્તિકરણના આ કાર્યક્રમમાં સંસદ સભ્ય ભરતસિંહ પરમાર, અબડાસાના ધારાસભ્ય શક્તિસિંહ ગોહીલ, ડો સી જે ચાવડા ,ભાજપના પ્રદેશ મંત્રી પ્રદીપસિંહ વાઘેલા,કનકસિંહ માંગરોળા, ભાવનાબા ઝાલા ઉપરાંત વિક્રમસિંહ ગોલ સહીતના આગેવાનો હાજર રહેશે.

### શહેરી વિસ્તારમાં હરિયાળી સામે ખતરો

# વન વિભાગની ૧૭ પૈકી માંડ છ જ નર્સરી બચી

## વન આરક્ષિત જગ્યામાં પણ વૃક્ષોની ઘટતી સંખ્યાથી પ્રકૃતિ પ્રેમીઓમાં ચિંતા

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેરમાં વિકાસના અનેકવિધ કામો વચ્ચે હરિયાળીનો સોથ વળતો જાય છે. જયારે છેલ્લા બે દાયકામાં વન વિભાગની નર્સરીઓ પણ તબક્કાવાર અદ્રશ્ય થતી હોવાનો આક્રોશ પ્રકૃતિ પ્રેમીઓમાં પ્રબળ બન્યો છે. એક જમાનામાં શહેરી વિસ્તારમાં ૧૭ જેટલી નર્સરી હતી . જયારે હાલ માત્ર ૬ જ નર્સરી અસ્તિત્વમાં હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ચ-૦ ની નર્સરીનો પણ બ્યુટિફિકેશને ભોગ લીધો છે. જયારે વન આરક્ષિત જગ્યામાં પણ હરિયાળી ઓસરતી જતી હોવાનો રોષ પ્રવર્તયો છે.

ગાંધીનગરમાં છેલ્લા દોઢ દાયકામાં વિકાસના અનેકવિધ આયામો વચ્ચે હરિયાળીનુ નિકંદન વળી ગયુ છે. માર્ગ વાઇડનીંગ તેમજ નતનવા વિકાસના પ્રોજેકટો હાથ ધરાતા વૃક્ષોની સંખ્યા ઘટતી જતી હોવાનો આક્રોશ પ્રકૃતિ પ્રમીઓમાં પ્રબળ બન્યો છે. જયારે મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં પણ હરિયાળીની રોનક ઓસરતી જતી હોવાનો રોષ ઉઠવા પામ્યો છે. વન આરક્ષિત જગ્યામાં પણ જાળવણીના અભાવે વૃક્ષોની સંખ્યા ઘટતા પ્રકૃતિ પ્રેમીઓમાં ચિંતા પ્રવર્તી છે. જયારે છેલ્લા બે દાયકામાં નગરમાં નર્સરીની જગ્યામાં પણ ચિંતાજનક ઘટાડો થયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. એક સમયે શહેરી વિસ્તારમાં ૧૭ જેટલી નર્સરી હતી. જયારે હાલ માત્ર ૬ નર્સરી જ બચી હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. રાજભવન, વનચેતના,સે-૨૮ લેકાવાડા,સે-૩૦ અને વનચેતના સહીત ૬ નર્સરીઓ જીવંત છે. જયારે વન વિભાગની આ નર્સરીઓની યોગ્ય દરકાર લેવાય તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ચ-૦ ની નર્સરીને પણ બ્યુટિફિકેશન હેઠળ આવરી લેવાતા નર્સરીની રોનક ઓસરી જશે તેવો સુર ઉઠવા પામ્યો છે. શહેરી વિસ્તારમાં છેલ્લા બે દાયકામાં ૧૦ નર્સરીઓનુ અસ્તિત્વ ભુંસાઈ ગયુ હોવાનો સુર પ્રકૃતિ પ્રેમીઓ ઠાલવી રહયા છે. ત્યારે દિનપ્રતિદિન નર્સરીઓની સંખ્યામાં થતા ઘટાડાને અનુલક્ષી વૃક્ષપ્રેમીઓમાં પણ ચિંતા પ્રવર્તી છે. વધુમાં વન આરક્ષિત જગ્યામાં વૃક્ષોનુ યોગ્ય વાવેતર અને જતન થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# બોરીજમાં પાણીની પોકાર ડામવા માટે નવો બોર બનાવાનુ કામ શરૂ કરાયુ

## અંદાજિત ૬ હજારની વસતી ધરાવતા ગામમાં ગરમીના દિવસો પુર્વે પાણીની સમસ્યા હલ થઇ જશે



ગાંધીનગર, તા ૨૬

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર ડામવા માટે ગ્રામ્ય વિસ્તારમાં પાણીના નવા બોર બનાવવા માટેનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જે અન્વયે અત્યારસુધી ચાર ગામોમાં બોર બનાવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે આજે બોરીજમાં પણ પાણીનો નવો બોર બનાવા માટેના કામ અંતર્ગત ખાતમુર્હુત કરવામાં આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com